# D.El.Ed. પ્રવેશ માટે દિવ્યાંગ ઉમેદવારો અંગે માર્ગદર્શિકા

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:–ED/OTH/e-file/3/2026/4072/N મુજબ **D.El.Ed.** પ્રવેશ માટે દિવ્યાંગ ઉમેદવારોની પાત્રતા નીચે મુજબ રહેશે.

**A. દ્રષ્ટિ સંબંધિત દિવ્યાંગતા (Blindness and Low Vision)**

1. Blindness (B)
2. Low Vision (LV)

**B. શ્રવણ સંબંધિત દિવ્યાંગતા (Deaf and Hard of Hearing)**

1. Hard of Hearing (HH)

**C. અસ્થિવિષયક દિવ્યાંગતા (Locomotor Disability)**

1. One Arm (OA)
2. One Leg (OL)
3. Both Legs (BL)
4. One Arm and One Leg (OAL)
5. Cerebral Palsy (CP)
6. Leprosy Cured (LC)
7. Dwarfism (Dw)
8. Acid Attack Victim (AAV)

**D. બૌદ્ધિક/માનસિક સંબંધિત દિવ્યાંગતા**

1. Specific Learning Disability (SLD)
2. Mental Illness (MI)

## E. બહુવિધ દિવ્યાંગતા (Multiple Disabilities)

1. Multiple Disabilities (MD) (ઉપરોક્ત A થી D કેટેગરીના સંયોજન ધરાવતા ઉમેદવારો)

## સામાન્ય જોગવાઈઓ (General Guidelines)

1. **માત્ર 40% અથવા તેથી વધુ (Benchmark Disability)** દિવ્યાંગતા ધરાવતા અને **RPwD Act, 2016** મુજબ સક્ષમ મેડિકલ ઓથોરિટી દ્વારા આપવામાં આવેલ માન્ય દિવ્યાંગતા પ્રમાણપત્ર ધરાવતા ઉમેદવારો જ દિવ્યાંગ અનામત હેઠળ **D.El.Ed. પ્રવેશ માટે પાત્ર ગણાશે.**
2. દિવ્યાંગ ઉમેદવારે અરજી કરતી વખતે **માન્ય દિવ્યાંગતા પ્રમાણપત્ર (Disability Certificate)** ધરાવવું ફરજિયાત રહેશે.
3. ઓનલાઈન અરજી (Application Form) ભરતી વખતે ઉમેદવારે **દિવ્યાંગતા પ્રમાણપત્રની (Disability Certificate)** સ્પષ્ટ અને વાંચી શકાય તેવી સ્કેન કરેલી નકલ ફરજિયાત અપલોડ કરવાની રહેશે.
4. ઉમેદવાર દ્વારા ઓનલાઈન અરજી દરમિયાન અપલોડ કરવામાં આવેલ દિવ્યાંગતા સંબંધિત દસ્તાવેજોની ચકાસણી સ્વીકાર કેન્દ્ર દ્વારા કરવામાં આવશે. દસ્તાવેજ ચકાસણી (Document Verification) સમયે ઉમેદવારે પોતાના **અસલ (Original)** દિવ્યાંગતા પ્રમાણપત્ર(Disability Certificate),શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર, જાતિના પ્રમાણપત્ર અને ઓનલાઈન અરજીમાં અપલોડ કરેલા તમામ દસ્તાવેજ ફરજિયાત ચકાસણી માટે રજૂ કરવાના રહેશે. ચકાસણી દરમિયાન દસ્તાવેજો અમાન્ય, અધૂરા, ખોટા અથવા મૂળ દસ્તાવેજો રજૂ કરવામાં નિષ્ફળતા જણાય તો ઉમેદવારની અરજી સ્વીકારવામાં આવશે નહી.
5. દિવ્યાંગ ઉમેદવારોની અંતિમ પાત્રતા અંગે કોઈ પ્રશ્ન ઉભો થાય તો સંબંધિત પ્રવેશ નિયમો, રાજ્ય સરકારના અમલમાં રહેલા વખતો વખતના ઠરાવો તથા પ્રવેશ સમિતિના આખરી નિર્ણયને આધીન રહેશે.

**દિવ્યાંગ ઉમેદવારોને આ માર્ગદર્શિકામાં દર્શાવેલ વિશેષ જોગવાઈઓ ઉપરાંત પ્રવેશ પ્રક્રિયા માટેની સામાન્ય માર્ગદર્શિકામાં સમાવિષ્ટ તમામ સૂચનાઓ, શરતો અને જોગવાઈઓ સમાન રીતે લાગુ પડશે.**

------------------